# 1964 ના Civil Rights Act (નાગરિક અધિકારોના કાયદા) ના ટાઇટલ VI હેઠળ આપના અધિકારો

**1964 ના Civil Rights Act** (સિવિલ રાઇટ્સ એક્ટ - નાગરિક અધિકારોના કાયદા) ના ટાઇટલ **VI** હેઠળ એ જરૂરી બને છે કે યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઇ પણ વ્યક્તિને કેન્દ્ર સરકાર પાસેથી આર્થિક મદદ મેળવતા કોઇ પણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાંથી વંશીય મૂળ, રંગ કે મૂળ રાષ્ટ્રીયતાના કારણે દૂર ન રાખવામાં આવે, તેના લાભથી તેને વંચિત રાખવામાં ન આવે કે પછી તેની સાથે ભેદભાવ કરવામાં ન આવે. પ્રેસિડેન્શિયલ એક્ઝિક્યુટિવ ઑર્ડર **12898** લઘુમતિઓ અથવા ઓછી આવકવાળા લોકો સાથે પરિવેશી ન્યાયના મુદ્દાને સંબંધિત છે. પ્રેસિડેન્શિયલ એક્ઝિક્યુટિવ ઑર્ડર **13166** અંગ્રેજીમાં સીમિત નિપુણતા ધરાવતા લોકો માટેની સેવાઓ સાથે સંબંધિત છે.

જે વ્યક્તિને લાગતું હોય કે તેમને (કોઇ કાર્યક્રમમાંથી) બાકાત રાખવામાં આવ્યા, લાભ આપવામાં ન આવ્યા અથવા તેમની સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે, તેઓ સાન ફ્રાન્સિસ્કો બે એરિયા રેપિડ ટ્રાન્ઝિટ ડિસ્ટ્રિક્ટ (**San Francisco Bay Area Rapid Transit District**) ની ઑફિસ ઑફ સિવિલ રાઇટ્સ (**Office of Civil Rights** - નાગરિક અધિકાર કાર્યાલય) માં લેખિત ફરિયાદ કરી શકે છે. કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓ હેઠળ જરૂરી છે કે ફરિયાદ આક્ષેપ કરેલી છેલ્લી ઘટનાના એકસો એંશી (**180**) કેલેન્ડર દિવસોની અંદર કરવામાં આવે.

**BART** ના ભેદભાવ વિરોધી કર્તવ્યો વિશે વધુ માહિતી મેળવવા અથવા કોઇ ટાઇટલ **VI** ફરિયાદ નોંધાવવા, કૃપા કરી તમારી માંગણી અહીં મોકલો:


**San Francisco Bay Area Rapid Transit District (BART)**
**ATTN: Office of Civil Rights**
**2150 Webster Street, Suite #0414**
**Oakland, CA 94612**
**(510)874-7333 Fax (510) 464-7587**
**officeofcivilrights@bart.gov**


ફરિયાદ માટેના ફોર્મ્સ **BART** વેબસાઇટ
**www.bart.gov/titlevi**
પરથી પણ મેળવી શકાય છે

## ટાઇટલ VI કાયદો જ છે

BART